
## વડીલોને વંદન અભિનંદન



સુનીતાબેન સોમાભાઈ પરમાર
(૧૯૩૭) ફોન: ૨૩૨૪૮૪૮૫

# માણસા ખાતે આમ આદમી પાર્ટીના સંપર્ક કેન્દ્રનો શુભારંભ





ગાંધીનગર, તા. ૨૧

મહાત્મા ગાંધીના સાચા સ્વરાજ-સુરાજ્યની સંકલ્પના અને ભ્રષ્ટાચારમુક્ત ભારતના નિર્માણની પરિકલ્પનાને ચરિતાર્થ કરવા નિર્મિત 'આમ આદમી પાર્ટી'ના માણસા ખાતેના એક સંપર્ક કેન્દ્રનો શુભારંભ થયો હતો. બાલક્રિંડાગણ શોપિંગ સેન્ટર, રસિકલાલ વ્રજલાલ પાર્ક સામે, માણસા ખાતે આયોજિત સદર સંપર્ક કેન્દ્રના શુભ ઉદ્‌ઘાટન નિમિત્તે ગાંધીનગર જિલ્લા, વિજાપુર તાલુકા અને મહેસાણા લોકસભા મતવિસ્તારના આમ આદમી પાર્ટીના સ્વયંસેવક મિત્રો અને સામાન્ય નાગરિકો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આમ પ્રજા માટે ખુલ્લું જાહેર નિમંત્રણ હોઈ માણસા નગર અને તાલુકાની આમપ્રજા ઉત્સાહભેર હાજર રહી હતી. આ પ્રસંગે એક ઝાડુયાત્રાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આમ આદમી ઝાડુ સહિત જાહેર માર્ગ પર ફર્યા હતા. સરદાર પટેલની પ્રતિમાને ફૂલહાર કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

રાજકીય ગંદકી સાફ કરવાના ઉમદા વિચારથી અભિપ્રેરિત સદર પાર્ટીમાં સ્વયંભુ સ્વયંસેવક તરીકે જોડાવા અનેક દેશભક્ત યુવાનો અને વડીલો ઉત્સુક જણાઈ રહ્યા છે. દેશના બં મુખ્ય રાષ્ટ્રીય પક્ષો અને તેમની ભ્રષ્ટ નીતિઓથી ત્રાહિમામ પોકારી ઉઠેલી આમપ્રજા હવે એક મજબૂત વિકલ્પ શોધી રહી છે, ત્યારે આમ આદમી પાર્ટી આવા નાગરિકોની પ્રથમ પસંદગી બની રહી છે. આગામી દિવસોમાં તાલુકાના ગામેગામ આવા સંપર્ક કેન્દ્રો શરૂ કરી લોકસભા ચૂંટણીની પૂર્વ તૈયારી કરવામાં ાવશે.

# એક જ દિવસે બે પરીક્ષાથી ઉમેદવારો મુંઝવણમાં

પ્રાંતિજ, તા. ૨૧

સરકાર દ્વારા તાજેતરમાં અલગ-અલગ ખાતાઓ માટેની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આજરોજ ક્લાર્ક અને મુખ્ય સેવીકા માટેની પરીક્ષા હોવાથી ઉમેદવારો મુંજવણ અનુભવી રહ્યા છે. ઉમેદવારો રોષે ભરાયા છે. ત્યારે સાબરકાંઠા જિલ્લામાં ચર્ચા ચાલી રહી છે કે સરકારે ફી પેટે ચૂંટણી પેટે ફંડ ઉભુ કરવાનો પેંતરો રચી બેરોજગાર યુવાનોને લુટી રહી છે.

બેરોજગાર યુવાનો માટે સરકાર દ્વારા ક્લાર્ક, તલાટી, મુખ્ય સેવીકા, ચીટનીશ જેવી જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરી છે. આજરોજ રાજ્યમાં અને સાબરકાંઠા જિલ્લામાં ક્લાર્ક અને મુખ્ય સેવીકાની પરીક્ષા લેવામાં આવનાર છે. ત્યારે ક્લાર્ક અને મુખ્ય સેવિકા તરીકે ફોર્મ ભર્યા બાદ એક જ દિવસે બે પરીક્ષાર્થી વિદ્યાર્થીઓ મુંજવણમાં મુકાયા છે.

પરીક્ષા પેટે ઉમેદવારો પાસેથી ૫૦ થી ૫૦૦ રૂપિયા સુધીની ફી રાખવામાં આવે છે. ત્યારે ઉમેદવારો ફક્ત એક જ પરીક્ષા આપી શકવાથી ચર્ચા ચાલી રહી છે કે સરકારે બેરોજગાર ઉમેદવારોને ખંખેરવાનું કામ કરી રહી છે. હવે પછી એક જ દિવસે બે પરીક્ષા ન યોજવા એક સૂરે અવાજ ઉઠાવ્યો છે.

## જિલ્લા એનએસયુઆઈ પ્રમુખે હાથનો સાથ છોડ્યો

ગાંધીનગર, તા. ૨૧

ભાજપાની વધતી જતી લોકપ્રિયતાનેલઈને કોંગ્રેસના ધારાસભ્યો ભાજપને ઘર બનાવવા લાગ્યા છે. ગાંધીનગર જિલ્લા એનએસયુઆઈ પ્રમુખે હાથનો સાથ છોડી કોંગ્રેસને વધુ એક ઝાટકો આપ્યો છે.

લોકસભાની ચૂંટણીને લઈ પક્ષોમાં તડજોડ નીતિઓ ચાલી રહી છે. રાજ્યમાં ભાજપનું જોર વધતા કોંગ્રેસના ધારાસભ્યો ભાજપામાં જોડાવા લાગ્યા છે. ત્યારે જિલ્લા એનએસયુઆઈ પ્રમુખ રાજદીપસિંહ વિક્રમસિંહ ગોલે કોંગ્રેસને અલવિદા કરી પોતાના સમર્થકો સાથે વિજય શંખનાદ યુવા સંગમમાં જોડાઈ ગયા છે. તેમ ભાજપ જિલ્લા અને તાલુકા પ્રમુખે અખબારી યાદીમાં જણાવ્યું છે.

## ચાર નાયબ સચિવને સંયુકત સચિવ તરીકે બઢતી

ગાંધીનગર, તા. ૨૧

રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ચાર નાયબ સચિવશ્રીઓને સંયુકત સચિવશ્રી તરીકે બઢતી આપવામાં આવી છે.

જેમાં શ્રી પી.આઈ. સુથાર, નાયબ સચિવ, સામાન્ય વહીવટ વિભાગને બઢતી આપીને તે જ જગ્યાએ, શ્રી આર.જે. કારિયા, નાયબ સચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલયને પણ તે જ જગ્યાએ, શ્રી વી.કે. જોષી, નાયબ સચિવશ્રી રાજય કક્ષાના શિક્ષણ મંત્રીશ્રીનું કાર્યાલયને પણ તે જ જગ્યાએ અને શ્રી એ.ડી. પટેલ, નાયબ સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગને બઢતી આપીને તે જ જગ્યાએ સંયુકત સચિવ તરીકે નિયુકત કરવામાં આવ્યા છે.

# બનાસ ડેરી દ્વારા ધાનેરા ખાતે દૂધ દિનની ઉજવણી કરાઈ

પાલનપુર, તા. ૨૧

બનાસ ડેરી અને ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન દ્વારા ધાનેરા શીત કેન્દ્ર ખાતે ધાનેરા તાલુકામાં દૂધદિનની ઉજવણી કરવામાં આવી.

આ પ્રસંગે અધ્યક્ષ સ્થાનેથી બનાસ ડેરીના ચેરમેનશ્રી પરથીભાઈ ભટોળે જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં દૂધની માંગમાં દિન પ્રતિદિન વધારો થતો જાય છે. પરંતુ દર ચાર વર્ષે એક સાઈકલ આવે છે જેથી સમગ્ર દુનિયામાં ઘટાડો થાય છે પરંતુ આવતા વર્ષે ૪૨ લાખ લીટર દૂધ આવવાનું છે જેના માટે સંઘના નિયામક મંડળે ૫૦ લાખ લીટર દૂધ આવે ત્યાં સુધીની પ્રક્રિયા માટેની વ્યવસ્થા કરી દીધી છે. આપણે આવતી ૨૫મી તારીખે કાનપુર અને લખનઉ ખાતે ૫-૫ લાખ લીટર દૂધની ક્ષમતાવાળા પ્લાન્ટનું ખાતમુહર્ત કરવાના છીએ. વધુમાં ચેરમેનશ્રી જણાવેલ કે પશુપાલકોને પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે આવતી પહેલી તારીખે રૂ. ૧૦ વધારો કરી ૫૨૦ રૂ. પ્રતિકિલો ફેટે ચુકવવામાં આવશે જેથી દૂધના પોષણક્ષમ ભાવો મળવાથી પશુઓની કિંમતમાં પણ વધારો થયો છે અને હજુ પણ વધશે તેથી પશુપાલકો તેમજ ખેડૂતો પોતાની જમીન કે પશુઓનું વેચાણ ના કરે તેવું ખાસ સુચન કર્યું હતું. વધુમાં બનાસકાંઠા આંજણા કેળવણી મંડળ દ્વારા એમ.એસ.સી.આઈ.ટી. કોલેજના મકાનનું ભૂમિપુજન પણ આવતી ૨૩મી તારીખે કરવાનું છે તેમજ પ્રાથમિકથી કોલેજ સુધી ૧૦૦૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી શકે એવી વ્યવસ્થા કરવાની છે જેનો સીધો લાભ આ જિલ્લાના ખેડૂત પરિવારોને થવાનો છે.



(તસવીર : ભરત પરમાર, ધાનેરા)

ધાનેરાના ધારાસભ્ય અને બનાસ ડેરીના બોર્ડ ડીરેકટર જોઈતાભાઈ પટેલે દૂધની ગુણવત્તા જાળવવા તેમજ વ્યસનમુકત કરવા જણાવ્યું હતું. બનાસબેંકના પૂર્વ ચેરમેન નથાભાઈ પટેલે સઘના ચેરમેન પરથીભાઈ ભટોળની દૂધ ઉત્પાદકો માટેની મહેનતને બરદાવી હતી, આ પ્રસંગે સંઘના મેનેજીંગ ડીરેકટરશ્રી સંજય કરમચંદાની એ દૂધની ગુણવત્તા અને સંઘની સેવાકીય પ્રવૃત્તિઓ વિશે જણાવ્યું હતું.

કાર્યક્રમમાં બનાસડેરીના માજી ડીરેકટર રત્નાભાઈ પટેલ, જિલ્લા ભાજપના મહામંત્રી ડૉ. દજાભાઈ પટેલ તેમજ અન્ય સહકારી આગેવાનો, બનાસડેરીના ઓ.એસ.ડી. શ્રી માનજીભાઈ ધુળીયા, ડેરીના કર્મચારીઓ અને વિશાળ સંખ્યામાં પશુપાલકો ઉપસ્થિત રહ્યા હતા.



## ધાનેરા નવા બસ સ્ટેન્ડ પાસે અચાનક આગ લાગતા લોકોની દોડભાગ

ધાનેરા નવા બસસ્ટેન્ડ અને મધુસુદન માર્કેટની બાજુના વાડામાં અચાનક આગ ભભુકી ઉઠતા લોકોએ દોડધામ મચાવી હતી. ઘટનાની જાણ ધાનેરા નગરપાલિકાને કરાતા ધાનેરા નગરપાલિકાનું ફાયર ફાયટર તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આગ બુઝાવી હતી. જો ફાયર ફાઈટર સમયસર ન આવ્યું હોત તો મોટી જાનહાની અને મોટા નુકસાનની ભીતિ સેવાઈ રહી હતી. પરંતુ ફાયર ફાઈટર ટાઈમસર આવી જતા જાનહાનિ તેમજ નુકસાન અટકાવ્યું હતું. (તસવીર : ભરત પરમાર)

# ખેડૂતો પડતર પ્રશ્નોને લઈ સત્યાગ્રહ છાવણી ખાતે પ્રતિક ઉપવાસ કરશે

ગાંધીનગર, તા. ૨૧

જગતનો તાત દિવસે દિવસે લાચાર બની રહ્યો છે ત્યારે ગુજરાત રાજયના ખેડૂતોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે ગુજરાત ખેડૂત હિતરક્ષક મંડળ, રાજધાની અસરગ્રસ્ત કિસાન મંડળ અને ગાંધીનગર જિલ્લા અસરગ્રસ્ત ખેડૂત મંડળ દ્વારા આજ રોજ સવારે ૧૦-૦૦ કલાકે સત્યાગ્રહ છાવણી ઘ-૩ ખાતે પ્રતિક ઉપવાસ અને ધરણા કરી સરકારના બહેરા કાને અવાજ પહોંચાડશે.

રાજયના ખેડૂતોની દિવસે દિવસે દુદર્શા વધુ ખરાબ બનતી જાય છે. ખેડૂતોના પ્રશ્નોને સાંભળવા વાળા નેતાઓની અછત સર્જાઈ છે ત્યારે સમગ્ર રાજયમાંથી ગાંધીનગર સે-૬માં આવેલી સત્યાગ્રહ છાવણી ખાતે ખેડૂતો દ્વારા પ્રતિક ઉપવાસ અને ધરણા કરવામાં આવશે. જેમાં મોટી સંખ્યામાં ખેડૂતોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

સરકારમાં અનેક વખત ખેડૂતોને લગતા પડતર પ્રશ્નોની લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે છતાં પણ ખેડૂતો પ્રત્યે કોઈ પણ પ્રકારની સંધિ જોડવામાં આવતી નથી ત્યારે ખેડૂતોના સંગઠનો પોતાની તાકાત બતાવી સત્યાગ્રહો કરી તેમના પ્રશ્નોનું નિરાકરણ લાવશે. જિલ્લાના જીલુભા વાઘેલા, દશરથભાઈ ચૌધરી, ભરતભાઈ પટેલ કેસરીસિંહ બિહોલા, ગંભીરસિંહ વાઘેલા, લાલભાઈ પટેલ, બાલુજી ઠાકોર સહિત અગ્રણી ખેડૂતો ઉપવાસમાં જોડાશે.



ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતે નવનિર્મિત બ્લોક નંબર-૨૦માં અધતન સુવિદ્યાથી સજ્જ મહિલા અને બાળ વિકાસ કચેરીનું આજરોજ મહિલા અને બાળ વિકાસ, વન અને પર્યાવરણ મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ -સંગે મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાએ જણાવ્યું હતું કે, મહિલા અને બાળ વિકાસ વિભાગ રાજય સરકારનો મહત્વનો વિભાગ છે. આ વિભાગ દ્વારા સશક્તિકરણ ક્ષેત્રે અનેક સિધ્ધીઓ હાંસલ કરી છે. આપણા વિભાગની અનેક યોજનાના લાભથી છેવાડાનો માનવી પણ વંચિત ન રહે સુચારું આયોજન કરવા સર્વે કર્મચારીઓને આહ્‌વાન કર્યુ હતું.

## અનન્ય મોદી ભક્તિ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મોદી દેશના વડાપ્રધાન બને, તે માટે સિવાહ ગામે શાળાના મેદાનમાં હવન કરવામાં આવશે જેમાં પાંચ હજારથી વધુ નાગરિકો ઉપસ્થિત રહી આહૂતિ આપશે અને પછી મોદી ભક્ત સુરેશકુમાર સહિત ૩૦ યુવાનો દેશના ૧૨ જ્યોતિલીંગની યાત્રાએ જવા પ્રસ્થાન કરશે અને તમામ જ્યોતિલીંગ એ જઈ 'નમો' ના નામની પૂજા કરાવશે અને રૂ. ૧૧૦૦નું દાન કરશે તેવો સંકલ્પ લીધો છે.



(તસવીર : ભરત પરમાર, ધાનેરા)

ધાનેરા શહેરમાં જતા રસ્તામાં આવતા સાંકડા રેલવે ઓવરબ્રિજને પહોળો કરવા માટે છેલ્લા બે વર્ષથી રાજકીય પક્ષો એકબીજાને ખો આપતા હતા ત્યારે 'આપ' પાર્ટીના કાર્યકર્તાઓ મનોજ જોશી, ઈન્દ્ર તુંવર, સરેશ પુરોહિત, ખેમજી ઠાકોર, અર્જુન રાવ, ભગવત ઝા, અશોકભાઈ તેમજ જુગરાજ રાજપૂતે તા. ૧લી ફેબ્રુઆરીથી પ્રતિક ઉપવાસ શરુ કર્યા હતા. અંતે ૧૮ દિવસના ઉપવાસ બાદ રેલવે તંત્ર દ્વારા બ્રિજને પહોળો કરવાની મંજૂરી આપવામાં આવી છે. તેમજ એક જ મહિનામાં અથવા આચારસંહિતા લાગુ પડશે તો ત્રણ મહિનામાં કામ શરુ કરવાની ખાત્રી અપાઈ છે. રેલવેની મંજૂરી મેળવવા સક્રીય ભૂમિકા ભજવનાર કલેકટર દ્વારા પાલનપુર ખાતે મુલ્કી ભવનથી ડોકટર હાઉસ તરફ જતા સર્વિસ રોડ પરના દબાણો હટાવવાનું પણ વચન અપાયું છે.

## શબ્દાવલી - ૫૩૨૧

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | ■ | ૫ |
| ■ | | ■ | ૬ | ૭ | | ■ | |
| ૮ | | ૯ | ■ | | ■ | ૧૦ | |
| ૧૧ | | | ■ | | ■ | ૧૨ | |
| | ■ | ૧૩ | ૧૪ | | | ■ | ■ |
| ■ | ■ | ૧૫ | | | ■ | ૧૬ | ૧૭ |
| ૧૮ | ■ | ■ | | ■ | ૧૯ | | |
| ૨૦ | | | ■ | ૨૧ | | | ■ |

### આડી ચાવી

૧. જથ્થાબંધ (૪)
૬. ચોકી, પહેરો (૩)
૮. મદદ (૨)
૧૦. ઘંટડી (૨)
૧૧. શાયરી કરનાર (૩)
૧૨. ગુંદર (૨)
૧૩. દાન કરનાર, દાની (૪)
૧૫. લક્ષણ, ગુણ, છાપ (૩)
૧૬. માલિક, શેઠ (૨)
૧૯. ક્ષેમ, મજામાં (૩)
૨૦. શંકાશીલ (૩)
૨૧. શેકીને કડક કરેલી રોટલી(૩)

### ઊભી ચાવી

૨. કવખત, કસમો (૪)
૩. ધ્વજ, વાવટો (૨)
૪. ગામગપાટો (૨)
૫. પિયુ, પ્રિયતમ (૩)
૭. ઉત્તમવીર, શ્રેષ્ટવીર (૫)
૮. બુદ્ધિશાળી (૩)
૯. કર ભરનાર (૪)
૧૦. સુટકેશ (૨)
૧૪. ભાગ્ય, કિસ્મત (૩)
૧૬. આશ્રય, સહારો (૩)
૧૭. સમય (૨)
૧૮. કિંમત, મૂલ્ય (૨)
૧૯. ગોદ, ખોળો (૨)

### શબ્દાવલી ૫૩૨૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) લીમકા (૩) પીજા (૬) ખડ (૭) સુરસુરીયું (૯) દાડમ (૧૦) સમર (૧૧) સાન (૧૨) ઘરકામ (૧૪) મમત (૧૬) અમી (૧૭) તનમનાટ (૨૦) છાવ (૨૧) રસ (૨૨) વલવલાટ

**ઊભી ચાવી :-** (૧) લીખ (૨) મડદાઘર (૩) પીર (૪) જાસૂસ (૫) મયૂર (૭) સુમસામ (૮) કાયમ (૧૨) ઘડતર (૧૩) કાયમ (૧૮) નસ (૧૯) નાવ (૨૦) છાલા

## રાહત વિનાનું બજેટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

નાણાંમંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે આગામી લોકસભાની સામાન્ય ચૂંટણી ૨૦૧૪ને અનુલક્ષીને નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ માટે એપ્રિલથી જુલાઈ ૨૦૧૪ માટે સરકાર વચગાળાના વાર્ષિક આયોજન સાથે લેખાનુદાન પ્રસ્તાવ લાવી છે.

આ અંદાજપત્રમાં નવી બાબત કે સેવાનો સમાવેશ કરવામાં આવ્યો નથી. લેખાનુદાનમાં આવર્તક પ્રકારના ખર્ચ તેમજ ચાલુ બાબત અંગેના ખર્ચ માટે જોગવાઈ કરવામાં આવી છે.

તેમણે જણાવ્યુ છે કે ૨૦૧૪-૧૫ કુલ આવક રૂ. ૧,૧૯,૫૨૭ કરોડ અંદાજવામાં આવેલ છે. જે ૨૦૧૩-૧૪ના સુધારેલા અંદાજ કરતાં ૧૦ ટકા વધુ છે. ૨૦૧૪-૧૫ માટે મહેસુલી આવક રૂ. ૯૫,૪૪૦ કરોડ અંદાજવામાં આવેલ છે. જે ૨૦૧૩-૧૪ની મહેસુલી આવક કરતાં ૧૨ ટકા વધુ છે.

નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ માટે રાજ્યની પોતાની કર આવક રૂ. ૬૩,૦૬૮ કરોડ અંદાજવામાં આવેલ છે. જ્યારે બિન કરપાત્ર આવક રૂ. ૭૨૧૪ કરોડ અંદાજવામાં આવી છે.

નાણાંમંત્રીશ્રીએ સરકારનો વિકાસલક્ષી ખર્ચ રૂ. ૮૦,૯૭૪ કરોડ જેટલો ઊંચો જશે જે બિનલક્ષી ખર્ચ રૂ. ૩૭,૬૨૬ કરોડની સાપેક્ષમાં બમણા કરતાં પણ વધારે હોવાનું જણાવ્યું છે.

૨૦૧૪-૧૫ના વચગાળાના આયોજનમાં સામાજિક ક્ષેત્રો ખાસ કરીને શિક્ષણ, મહિલા અને બાળકલ્યાણ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, આદિજાતિ અને સામાજિક કલ્યાણના ક્ષેત્રોમાં ૨૦૧૩-૧૪ કરતાં સો ટકા કરતાં વધુનો વધારો કરાયો છે.

શ્રી નીતિન પટેલે રાજ્યની નાણાંકીય સ્થિતિ સારી હોવાનો દાવો પત્રકારો સાથેની વાતચીતમાં કર્યો હતો. તેમણે જણાવ્યુ હતુ કે વર્ષ ૨૦૧૩-૧૪ના સુધારેલા અંદાજોમાં સફળ ઘરેલુ ઉત્પાદન સામે જાહેર દેવાના પ્રમાણમાં ૦.૫ ટકાનો સુધારો દર્શાવે છે અને જી.એસ.ડી.પી. સામે રાજવિતીય ખાદ્યના પ્રમાણમાં ૦.૪૭ ટકાનો સુધારો દર્શાવે છે. આ સુધારો મુખ્યત્વે મહેસુલી પૂરાંતની તંદુરસ્ત પરિસ્થિતિને કારણે છે.

વેપારીઓને ખાનગીમાં વેરા નહિ ભરવા જેવી સૂચનાઓ અપાઈ હોવાનો પણ તેમણે ઈન્કાર કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આવી કોઈ સૂચનાઓ ક્યારેય અપાઈ નથી અને અપાશે પણ નહિ. નાણાંમંત્રીશ્રીએ સરકારે કોઈપણ તબક્કે પેમેન્ટ અટકાવ્યાની વાતોનો પણ ઈન્કાર કર્યો હતો.

પત્રકાર પરિષદમાં ઉપસ્થિત નાણાં વિભાગના અગ્ર સચિવ શ્રી હસમુખ અઢિયાએ જણાવ્યું હતું કે આવકના જે અંદાજો ૨૦૧૩-૧૪માં અંદાજવામાં આવ્યા હતા તે સિદ્ધ થાય તે દિશામાં તંત્ર કામ કરી રહ્યું છે. વેચાણવેરાની આવક પણ લક્ષ્યાંક પ્રમાણે જ થશે તેવો તેમને વિશ્વાસ છે.

## જિલ્લામાં એક વર્ષમાં ૨૨ બળાત્કાર

ગાંધીનગર જિલ્લામાં બળાત્કારના ગુનાઓમાં નોંધપાત્ર વધારો થયેલો જોવા મળ્યો છે. વર્ષ ૨૦૧૨-૧૩માં ગાંધીનગર જિલ્લામાં બળાત્કારનાં ૨૨ ગુનાઓ નોંધાવા પામ્યા હતાં. આ ગુનાઓમાં ૩૧ આરોપીઓની પોલીસે ધરપકડ કરેલી છે. ગાંધીનગરમાં બળાત્કારના વધી રહેલા ગુનાઓ અંગે વિધાનસભામાં પ્રશ્ન ઉઠવા પામ્યો હતો.

## સેન્ટ્રલ જેલ હવાલે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચાલી રહી છે. તે ઉપરાંત કેટલાક ઉમેદવારો બી-માર્ક વાળા હતા તેની તપાસ માટે માહિતી મંગાવવામાં આવી છે તે ઉપરાંત કોલ ડીટેઈલ આધારે તપાસો ચાલી રહી છે. ચંપાવતે જામીન મેળવવા અરજી કરી હતી પરંતુ કોર્ટે જામીન અરજી ફગાવી દેતા સેન્ટ્રલ જેલ હવાલે મોકલવામાં આવ્યો છે.

**ગુજરાત વિદ્યાત નિયંત્રક આયોગ**
છઠ્ઠો માળ, ગીફ્ટ વન, ઝોન-૫-સી, ગીફ્ટ સીટી,
ગાંધીનગર - ૩૮૨૩૫૫ www.gercin.org

**જાહેર નોટીસ**

વિદ્યુત અધિનિયમ-૨૦૦૩ (૨૦૦૩નો ૩૬મો અધ્યાય)ની કલમ-૪૭ અને કલમ ૧૮૧(૨) (V) (W) અન્વયે આયોગે, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (જામીન અનામત) વિનિયમો-૨૦૦૫માં કેટલાક સુધારાની જરૂરિયાત રહે છે. તેથી આયોગ દ્વારા સદર સુધારા તૈયાર કરેલ છે. સદર સંબંધિત સુધારેલ વિનિયમો ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (જામીન અનામત) (બીજો સુધારો) વિનિયમો-૨૦૧૪, આયોગની વેબસાઈટ (www.gercin.org) પર જાહેર કરવામાં આવેલ છે.

વિદ્યુત અધિનિયમ-૨૦૦૩ની કલમ-૪૭ અને ૧૮૧ (૨) (V) (W) અન્વયે આથી જાહેર કરવામાં આવે છે કે, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (જામીન અનામત) (બીજો સુધારો) વિનિયમ-૨૦૧૪માં દરખાસ્ત કરવામાં આવેલ સુધારા અંગે જે વ્યક્તિઓ વાંધાઓ / સૂચનો રજૂ કરવા ઈચ્છતા હોય તેઓએ તેમના પુરા નામ અને સરનામા સાથે વાંધાઓ/સૂચનોની પાંચ નકલો જરૂરી સોગંદનામા સાથે તા. ૨૪/૩/૨૦૧૪ સુધીમાં સચિવશ્રી, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, છઠ્ઠો માળ, ગીફ્ટ વન, ઝોન-૫-સી, ગીફ્ટ સીટી, ગાંધીનગર - ૩૮૨૩૫૫ને મોકલી આપવા.

ગાંધીનગર
તા. ૨૧/૨/૨૦૧૪
માહિતી/૨૬૬૦/૧૩-૧૪

સહી/-
(મુકેશકુમાર)
સચિવ, જીઈઆરસી

**ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લી., ગાંધીનગર**
**જાહેર નિવિદા**
**જાહેરાત ક્રમાંક-૬ ૨૦૧૩-૨૦૧૪**

કાર્યપાલક ઈજનેકશ્રી સુજલામ સુફલામ વિભાગ-૨, ઘ-ટાઈપ, બ્લોક નં. ૬૭૬/૪, સેક્ટર-૭/૮ના બસ સ્ટેન્ડ સામે, સેક્ટર-૮, ગાંધીનગર, ફોન નંબર : ૭૯-૨૩૨૪૧૧૬૮ દ્વારા નીચે જણાવેલ કામો માટે માર્ગ અને મકાવ વિભાગમાં અને / અથવા નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં માન્ય યાદીની શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારો પાસેથી ઓનલાઈન બી-૧ ભાવપત્રકો માંગવામાં આવે છે.

| અ. નં. | કામનું નામ | અંદાજીત રકમ ઈજારદારનો વર્ગ ટેન્ડર ફી |
|---|---|---|
| ૧. | મોઢેરા માટીદાઉ સુજલામ સુફલામ પાઈપલાઈન યોજનાની મુખ્ય પાઈપલાનની ના ચેઈનેઝ ૧૭૫૪૫ ઉપરના સ્કાવર વાલ્વથી ધીણોજ ગામના ગામ તળાવ જોડવા બાબત. | રૂ. ૧૫,૧૩,૮૪૩/- ઈ-૧ અને ઉપર રૂ. ૯૦૦/- |
| ૨. | મોઢેરા મોટીદાઉ સુજલામ સુફલામ પાઈપલાઈન યોજનાની મુખ્ય પાઈપલાનની ના ચેઈનેઝ ૧૪૫૬૧ ઉપરના સ્કાવર વાલ્વથી ધીણોજ ગામની ખેતતલાવડી જોડવા બાબત. | રૂ. ૨૧,૪૧,૨૩૨/- ઈ-૧ અને ઉપર રૂ. ૯૦૦/- |
| ૩. | મોઢેરા ધરોઈ પાઈપલાઈન યોજનાની મુખ્ય પાઈપલાઈનની ના ચેઈનેઝ ૧૭૧૬૦ ઉપરના સ્કાવર વાલ્વથી ધીણોજ ગામના ચૌટાનું તળાવ જોડવા બાબત. | રૂ. ૧૭,૬૩,૫૬૪/- ઈ-૧ અને ઉપર રૂ. ૯૦૦/- |

ઓનલાઈન ટેન્ડર ડાઉનલોડ અને રજૂ કરવાની છેલ્લી તારીખ : ૫/૪/૨૦૧૪ ૧૮.૦૦ કલાક સુધી. તથા ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય દસ્તેવાજો ફીઝીકલી કચેરીમાં રજૂ કરવાની તારીખ : ૭/૪/૨૦૧૪થી ૧૧/૪/૨૦૧૪ના રોજ ૧૭.૦૦ કલાક સુધી (હાથોહાથ)
બાનાની રકમની મુદત ૧૮૦ દિવસની હોવી જોઈએ અન્યથા ટેન્ડર ગણત્રીમાં લેવામાં આવશે નહિ. EMD exemption certificate સ્વીકારવામાં આવશે નહી. વધુ વિગતો નિગમ/સરકારશ્રીની વેબસાઈય www.gwrdc.gujarat.in તથા www.statetensders.com અને www.nwr.nprocure.com મારફતે જોઈ શકાશે તથા ટેન્ડર ઓનલાઈન ભરવાનું રહેશે.

માહિતી/૨૬૫૫/૧૩-૧૪